ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત વિદેશ અભ્યાસ લોન યોજનામાં સુધારા કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ઇબીસી/૧૦૨૦૨૨/૩૩૦૨૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૭/૧૦/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧

(૨) આ વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧

(૩) આ વિભાગનો તા.૦૯/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૭/૩૭૫૬૦૨/અ.૧

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૮/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/વિ.અ./૨૦૨૨-૨૩/૪૩૦

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવાની યોજના અમલમાં છે. ઉક્ત યોજનાની જોગવાઇઓમાં વંચાણે લીધા ક્રમાંક (૨) અને (૩) પરના આ વિભાગના ઠરાવોથી સુધારા કરવામાં આવેલ છે.

૨. નિયામક(વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા અમલિત વિદેશ અભ્યાસ લોન યોજના તથા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલિત વિદેશ અભ્યાસ લોન યોજનાની મહત્તમ જોગવાઇઓમાં એકસૂત્રતા લાવી શકાય તથા યોજનાના અમલીકરણમાં સરળતા લાવવા માટે વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિન અનામત વર્ગ માટે અમલિત વિદેશ અભ્યાસ લોન યોજનામાં નીચે મુજબની શરતોનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

(૧) વિદેશ અભ્યાસ માટે જતા પહેલા અથવા અરજદાર વિદેશ ગમનના વધુમાં વધુ છ માસ સુધીમાં લોન મેળવવા માટે અરજી કરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓએ અત્રે અનુસ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરેલ હોઇ તેઓને વિદેશમાં સમાન પ્રકારના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે લોન સહાય મળવાપાત્ર રહેશે નહીં. પરંતુ જો અનુસ્નાતક અભ્યાસથી વિદ્યાર્થીના વ્યવસાયિક કૌશલ્યમાં વધારો થતો હોય તો આવા કિસ્સાઓમાં પુખ્ત વિચારણા બાદ લોન મળવાપાત્ર રહેશે.

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હસ્તકની બિન અનામત વર્ગ માટેની વિદેશ અભ્યાસ લોન યોજના સંબંધિત ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૪/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૪) સચિવશ્રીના અંગત મદદનીશ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૭) સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, એ-૨ વીંગ, છઠ્ઠો માળ, બ્લોક નં.-૧, કર્મયોગી ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
(૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૩) સિલેક્ટ ફાઇલ